## ||ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ સંસાર દુઃખક્ષયકરાય નમ: || (૯૦).

## સાંસારિક દુઃખોનો નાશ કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

સુખ અથવા દુ: ખ, લાભ અથવા હાનિ આ આપણા પૂર્વ કરમાનુસાર પ્રાપ્ત થતા હોય છે. સમર્થ રામદાસ સ્વામી કહે છે, " તારા મને જે પૂર્વ સંચિત કર્યું, તે પ્રમાણે ભોગવટું પ્રાપ્ત થયું.

સ્વામી કહે છે-" સુખ અને દુ: ખ ત્રાજવા પ્રમાણે સમસમાન હોય છે, પરંતુ માણસો દુ: ખને વધુ મહત્ત્વ આપે છે અને તેથી જ તેમને તે વધારે લાગે છે . " આવું હોવા છતાં દયાળુ સ્વામી સતત શરણાગત ભક્તોનું દુઃખ ઓછું કરીને તેમના દુઃખનો નાશ કરે છે.

ઘણાં વર્ષો પહેલાની આ વાત છે. શિવ શક્તિ સ્વરૂપ સ્વામી નો મહિમા સાંભળીને એક દંપતી ( પતિ પત્ની) સ્વામીના દર્શન માટે ગયું. તેમના ઘરમાં પહેલેથી શિવ શક્તિની ઉપાસના થતી હતી. સ્વામી આવા લોકોને સમીપે ન કરે તો જ આશ્ચર્ય, અનેક મુલાકાતો આપીને સ્વામીએ તેમને ઉપદેશ કર્યો, પ્રેમ આપ્યો. આવી જ એક મુલાકાત સમયે સ્વામી બોલ્યા- " જીવન એ સુખ દુઃખ થી ભરેલું હોય છે તેને સહન કરવાની શક્તિ પરમેશ્વર આપતો જ હોય છે. સંકટ ના કાળા વાદળ આવે છે અને પરમેશ્વરની કૃપાથી નીકળી પણ જાય છે."

તે વખતે આ વાક્યનો અર્થ તેમને સમજાયો નહીં, પરંતુ કેવળ આઠ જ દિવસમાં તેમના કુમાર વયના પુત્રનું આકસ્મિક નિધન થયું જાણે દુઃખનો પહાડ જ તેમના પર તૂટી પડયો હતો. આ બધામાંથી માર્ગ કાઢીને ફરીથી નવેસરથી જીવવાની શક્તિ કેવળ સાઈ માતા જ તેમને આપી શકતી હતી અને તેમ જ થયું. જ્યારે તે સ્વામી પાસે ગયા, ત્યારે વાત્સલ્યમૂર્તિ સાઈ માતાએ તેમને પ્રેમામૃત પીવડાવીને નવસંજીવની આપી. આવું હોવા છતાં તે પિતા નો શોક ઓછો થતો ન હતો, ત્યારે એક વખત સ્વામીએ તે પિતાને પોતાની સામે બેસાડ્યો અને સ્વામી આર્ત મધુર સ્વરમાં એક ભજન ગાવા લાગ્યા. તે ભજન આ પ્રમાણે હતું.

નંદકિશોરા નવનીતચોરા વૃંદાવન સંચારા
હે શેષશયના હે ગરુડગમના
અરવિંદ નયના ગોપાલના

તે પિતાનું નામ હતું ગોપાલ અને પુત્રનું નામ હતું અરવિંદ. હંમેશાં ભક્ત ભગવાનને પ્રસન્ન કરવા માટે ભજન ગાય છે, પરંતુ અહીંયાં ભગવાન ભક્તનું દુ: ખ નિવારણ કરવા માટે, સંસારરૂપી

ભવસાગર તરી જવા માટે ભક્ત માટે ભજન તૈયાર (રચીને) કરીને પોતે ગાતા હતા. કેટલું અલભ્ય આ દશ્ય!

સુખ-દુ: ખે સમે કૃત્વા, લાભા લાભૌ જયા જયૌ! આવી સ્થિતપ્રજ્ઞ વૃત્તિ પ્રત્યેક ભક્તને પ્રાપ્ત કરવા માટે ભગવાન બાબા બધા ઉપર કૃપા કરે એ જ તેમના ચરણે પ્રાર્થના.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||